1. દક્ષિણ આફ્રિકામાં રંગભેદની શી સ્થિતિ હતી ?

➢ દક્ષિણ આફ્રિકામાં ગોરી પ્રજા વૈભવી જીવન ગાળતી હતી. તેમના વસવાટનો વિસ્તાર અલગ હતો. તેમાં શ્યામવણી પ્રજાના પ્રવેશ પર પ્રતિબંધ હતો. શ્યામવર્ણી પ્રજા. ગોરી પ્રજાની દયા પર જીવન ગુજરતી હતી, તેમના વસવાટ માટે માત્ર 7 ટકા વિસ્તાર નક્કી કરવામાં આવ્યો હતો , ગોરી પ્રજા ઈચ્છે તો શ્યામવર્ણી પ્રજાને વસવાટ માટે દૂર ધકેલી શકતી હતી. રેલ્વે અને બસમાં શ્યામવર્ણી પ્રજાને બેસવા માટે અલગ વ્યવસ્થા હતી, આ પ્રજાએ ફરજિયાત પણે જાતિ ઓળખપત્ર પોતાની પાસે રાખવું પડતું હતું. આ પ્રજાને કોઈ રાજકીય અધિકારો ન હતા.

2. ચીનની ક્રાંતિમાં થયેલ મહાપ્રસ્થાન (Long March) વિશે ટૂંકમાં માહિતી આપો.

➢ શિનહાઈક્રાંતિથી ચીન મંચુ શાસકો અને વિદેશીઓથી મુક્ત બન્યું. ચીનનું શાસન ચાંગકાઈરોકના હાથમાં આવ્યું. ચીનની સંપૂર્ણ સત્તા માટે સામ્યવાદીઓ અને કુરનો મિતાંગ (જનતાપક્ષો વચ્ચે સંઘર્ષ અનિવાર્ય બન્યો. તેથી ચાંગકાર્યશેકે સામ્યવાદીઓનું દમન કરવા ‘ભૂરાં ખમીસધારી’’ નામે ત્રાસવાદી સેનાની રચના કરી. તેની સામે માઓસેતુંગના નેતૃત્વમાં સામ્યવાદીઓએ ક્વાંગશીથી ઉત્તરમાં શેલ્લી તરફ મહાપ્રસ્થાન કર્યું. જેને કારણે ચીનની સમાન્ય પ્રજાનો ટેકો સામ્યવાદીઓને પ્રાપ્ત થયો.

3. બિનજોડાણવાદી નીતિને સમર્થન આપનાર મહાન નેતાઓનાં નામ જણાવો.

➢ બિનજોડાણવાદી નીતિના સમર્થન આપનાર નેતાઓમાં ભારતના પંડિત જવાહરલાલ નહેરુ, ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સુકર્ણ, ઇજિપતના રાષ્ટ્રપતિ જમાલ અબ્દુલ નાસર અને યુગોસ્લાવિયાના માર્શલ ટીટોનો સમાવેશ કરી શકાય.

4. નેલ્સન મંડેલા વિશે માહિતી આપો?

➢ દક્ષિણ આફ્રિકામાં જોવા મળતી રંગભેદની નીતિ સામે અવાજ ઉઠાવનાર નેતા નેલ્સન મંડેલાને આજીવન કારાવાસની સજા કરવામાં આવી, દ. આફ્રિકામાં સરકાર બદલાતા 27 વર્ષ બાદ નેલ્સન મંડેલા ને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. 1994ની સામાન્ય ચૂંટની નેલ્સન મંડેલા ભવ્ય મતોથી વિજેતા બન્યા અને દક્ષિણ આફ્રિકા રાષ્ટ્રપતિ બન્યા. જેઓએ દ.આફ્રિકામાંથી કાયમી ધોરણે રંગ નાશ કર્યો.

5. માઓસેતુંગ વિશે ટૂંકમાં લખો.

➢ ચીનમાં ચાંગકાર્યશેક દ્વારા સામ્યવાદી આ પરના દમન માટે તૈયાર કરેલ ભૂરાં ખમીસધારી ત્રાસવાદી સેના સામે ચીનની સામાન્ય પ્રજાનો ટેકો મેળવવા માઓત્સતુંગે ક્વાંગશીથી ઉત્તરમાં શેન્ની તરફ મહાપ્રસ્થાન કર્યુ. 6000 માઇલની લાંબી યાત્રા 365 દિવસમાં પૂર્ણ કરી ચીનમાં સામ્યવાદી વિચાર સરણીનો પ્રચારપ્રસાર કર્યો.

6. બાડુંગ પરિષદ વિશે માહિતી આપો.

➢ ઇન્ડોનેશિયાના બાજુંગ મુકામે એશિયાઈઆફ્રિકન રાષ્ટ્રોનું જે સંમેલન મળ્યું તેને બાલડંગ પરિષદના નામે ઓળખવામાં આવે છે. આ પરિષદમાં વિવિધ રાષ્ટ્રો ભેગા મળી સંસ્થાનવાદનો વિરોધ કરી બિનજોડાણવાદી

(તટસ્થાની) નીતિ તથા પંચશીલના સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો. બાજુંગ પરિષદમાં એશિયાના 23 અને આફ્રિકાનાં 6 રાષ્ટ્રો સહભાગી બન્યા હતાં.

### 7. આફ્રિકન રાષ્ટ્રીય કોંગ્રેસ નેતા નેલ્સન મંડેલાને શાથી આજીવન કેદની સજા થઈ?

- ઈ.સ. 1955માં આફ્રિકન રાષ્ટ્રીય કોંગ્રેસ ખતપત્ર તૈયાર કરી તમામ આફ્રિકાવાસીઓ માટે સમાન કાયદા અને સમાન અધિકારોની માગણી કરી. સરકારે પ્રજાની માગણીનો સ્વીકાર કર્યો નહિ. શઆંતિ વિરોધ કરવાના પ્રજાના પ્રયત્નો અસફળ રહ્યા. આથી પ્રજાએ હિંસાનું શસ્ત્ર હાથમાં લઈ ગોરાઓના જાનમાલને નુકસાન કર્યું. સરકારે લોકો પર ગોળીઓ ચલાવી હિંસાત્મક કાર્યક્રમોનુંદાબી દીધા અને આફ્રિકન રાષ્ટ્રીય કોંગ્રેસના નેતા નેલ્સન મંડેલાને આજીવન કેદની સજા કરી.